Office of the District Magistrate ★ Jamnagar District ★
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો) ★ ગુજરાત રાજ્ય
सत्यमेव जयते

નં.ડીએમ/ પરીક્ષા/૧૬૦૧/૨૦૨૪
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા. ૧૫/૦૧/૨૦૨૪

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ**

આગામી તા.૨૧/૦૧/૨૦૨૪ ને રવિવાર ના રોજ સવારના ૧૧-૦૦ થી ૧૪-૦૦ કલાક સુધી ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર દ્વારા આયોજિત જાહેરાત ક્રમાંક ૪૦/૨૦૨૩-૨૪ આદિજાતિ વિકાસ અધિકારી વર્ગ-૨ની લેખીત પરીક્ષા યોજાનાર છે. જે પરીક્ષા દરમ્યાન ચોરીઓના દુષણના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓને નિયમોનુસાર પરીક્ષા આપવામાં અડચણ થવાની સંભાવના રહે છે. આ ચોરીના દુષણમાં પ્રશ્નપત્રો કે તેના તૈયાર ઉત્તરો કોપીયર મશીન દ્વારા સત્વરે તૈયાર થઈ પરીક્ષા ખંડમાં પહોંચવા તેમજ મોબાઈલ ફોનથી પરીક્ષાર્થીને મદદ કરવાના બનાવોના કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓ નિયમ અનુસાર પરીક્ષા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને માનસિક પરિતાપ થવાની સંભાવના છે

જામનગર જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની આસપાસ કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેમજ પરીક્ષા સુચારૂ રીતે લેવાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રોની આસપાસના ઝેરોક્ષ સેન્ટરો પરીક્ષા સમય દરમ્યાન બંધ રહે તેમજ પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ, ઈલેકટ્રોનિક સાધનો, કેલ્કયુલેટર, ઈલેકટ્રોનિક વોચ તેમજ અન્ય અનાધિકૃત સાહિત્ય વિગેરે લઈ જવા પર પ્રતિબંધાત્મક જાહેરનામું બહાર પાડવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર ના તા.૧૧/૦૧/૨૦૨૪ ના પત્રથી દરખાસ્ત મળેલ છે જે મને વ્યાજબી જણાય છે.

તેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જિલ્લો: જામનગર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ મુજબ મને મળેલી સતાની રૂઈએ ફરમાવુ છું કે, જામનગર જિલ્લામાં પરીક્ષા માટે નકકી કરાયેલા પરિશિષ્ટ મુજબના પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરના વિસ્તારની હદમાં કોપીયર મશીન દ્વારા કોપીનો વ્યવસાય કરતા ધંધાર્થીઓ તથા અંગત ઉપયોગ માટે વપરાશ કરતા (સરકારી/ અર્ધસરકારી કે જાહેર સાહસો સિવાયના) કોપીયર મશીન ધારકોએ તા.૨૧/૦૧/૨૦૨૪ ના રોજ સવારના ૧૦:૦૦ કલાક થી બપોરના ૧૫:૦૦ કલાક સુધી તેઓના કોપીયર મશીનો દ્વારા પરીક્ષા વિષયક પત્રો, દસ્તાવેજી કાગળોની નકલો કાઢવી નહીં. ઉપરાંત પરિશિષ્ટમાં જણાવેલ પરીક્ષા કેન્દ્રોમાં કોઈએ મોબાઈલ, ઈલેકટ્રોનિક સાધનો, કેલ્કયુલેટર, ઈલેકટ્રોનિક વોચ તેમજ અન્ય અનાધિકૃત સાહિત્ય વિ. સાથે પ્રવેશ કરવો નહી.

આ જાહેરનામાંની લોકોને સહેલાઈથી જાણ થાય તેવી રીતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગરએ બહોળી પ્રસિધ્ધિ કરવી. આ હુકમનો ભંગ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ની કલમ-૧૮૮ તળે શિક્ષાપાત્ર થશે.

આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ) ની કલમ-૧૮૮ અન્વયે ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૫ માહે : જાન્યુઆરી-૨૦૨૪ ના રોજ મારી સહી કરી તથા કચેરીની મહોર લગાડી પ્રસિદ્ધ કર્યુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ સવિનય રવાના :–
પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રી, જામનગર

નકલ રવાના :–

૧. કમિશ્નરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર
૨. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.
૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર
૪. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/લાલપુર/ધ્રોલ
૫. મામલતદારશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય), લાલપુર/જામજોધપુર/કાલાવડ/ધ્રોલ/જોડીયા
૬. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ

...ઉકત જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની બે નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર.

...ઉકત હુકમની અખબારી યાદી રૂપે રાજકોટ તેમજ જામનગરથી પ્રસિધ્ધ થતા દૈનિક વર્તમાનપત્રોમાં વિનામુલ્યે પ્રસિધ્ધી અપાવવા સારૂ.

૮. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જામનગર

...ઉકત જાહેરનામાંની વધારાની નકલો કરાવી સંબંધકર્તા પરીક્ષા કેન્દ્રો પર પ્રસિધ્ધ કરી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારૂં.

૯. સિલેકટ ફાઈલે

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર જિલ્લો
सत्यमेव जयते
ગુજરાત રાજય
Jamnagar District

આ કચેરીના તા. ૨૫/૦૧/૨૦૨૪ ના જાહેરનામાં નં.ડીએમ/પરીક્ષા/૧૬૦૧/૨૦૨૪ નું

પરિશિષ્ટ

| ક્રમ | પરીક્ષા કેન્દ્ર (શાળા/કોલેજ) નું નામ | પરીક્ષા કેન્દ્રનું સરનામુ |
|---|---|---|
| ૧ | નેશનલ હાઇસ્કુલ, જામનગર | ખંભાળીયા નાકા બહાર, આર્ય સમાજ રોડ, જામનગર, જી. જામનગર |
| ૨ | શ્રી નંદન માધ્યમિક શાળા, જામનગર | લાલપુર રોડ, નંદનવન સોસાયટી, શેરી નં. ૨, નંદનવન પાર્ક, જામનગર, જી. જામનગર |
| ૩ | શ્રી કાલિન્દી સે.અને. હા. સેકન્ડરી સ્કુલ, જામનગર | રણજીત સાગર રોડ, પટેલ પાર્ક પાછળ, વૃંદાવન –3, જામનગર, જી. જામનગર |
| ૪ | આર.આર. શાહ હાઇસ્કુલ, જામનગર | ગારૂ કંસારા વાડી સામે, લાલપુર રોડ, જામનગર |
| ૫ | શ્રી જ્ઞાનગંગા સ્કુલ, જામનગર | મયુર ટાઉનશીપ પાસે, ખોડીયાર પાર્ક, લાલપુર રોડ, જામનગર |
| ૬ | માતૃશ્રી એ.બી. વિરાણી કન્યા વિદ્યાલય, જામનગર | રણજીતનગર, પટેલ સમાજ, જામનગર |
| ૭ | શ્રી એલ.જી. હરિયા સ્કુલ, જામનગર | ઇન્દીરા માર્ગ, જનતા ફાટક પાસે, જામનગર |
| ૮ | શ્રી જેકુરબેન સોની કન્યા વિદ્યાલય, જામનગર | જનતા ફાટક પાસે, શાંતિનગર સોસાયટી, જામનગર, જી. જામનગર |
| ૯ | શ્રી પ્રણામી હાઇસ્કુલ, જામગનર | હિરજી મિસ્ત્રી રોડ, રણજીતનગર, જામનગર |
| ૧૦ | શિશુવિહાર હિન્દી હાઇસ્કુલ, જામનગર | ખોડીયાર મંદિર રોડ, રોયલ પુષ્પા પાર્ક સામે, જામનગર |
| ૧૧ | શ્રીમતી જી.એસ. મહેતા કન્યા વિદ્યાલય, જામનગર | પટેલ કોલોની, કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ પાસે, જામનગર |
| ૧૨ | ભવંસ શ્રી એ કે દોશી વિદ્યાલય, જામનગર | પટેલ કોલોની, ઇન્દ્રદીપ સોસાયટી, મહિલા કોલેજ કેમ્પસ, જામનગર |
| ૧૩ | સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ, જામનગર | પંડિત નેહરુ માર્ગ, જામનગર |
| ૧૪ | સેન્ટ આન્સ હાઇસ્કુલ, જામનગર | પંડિત નહેરુ માર્ગ, પટેલ કોલોની, જામનગર |
| ૧૫ | સેન્ટ ફાન્સીસ સ્કુલ, જામનગર | પંડિત નહેરુ માર્ગ, ડી.કે.વી. સર્કલ સામે, સેન્ટ ઝેવિયર્સ સ્કુલ પાછળ, જામનગર |
| ૧૬ | શ્રી ડી.સી.સી. વિવિધલક્ષી હાઇસ્કુલ, જામનગર | પ્રદર્શન ગ્રાઉન્ડ સામે, સાત રસ્તા પાસે, જામનગર |

Office of the District Magistrate, Jamnagar District — જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો) — सत्यमेव जयते — ગુજરાત રાજ્ય

(ભાવેશ એમ. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

E:\dch data\DCHD M DCH\NOTIFICATION\EXAMINATION JAHERNAMA\2024\Main file.docx